# નિર્ધાર

## વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ

**(વિધવા મહિલાઓને સ્વાવલંબન, રોજગારી, પુનર્વસન પ્રવૃત્તિ હાથ ધરતું સંગઠન)**

ટ્રસ્ટ રજી. નં. E/૧૫૧૮/સુ.નગર તા. ૧૫-૫-૨૦૧૭

કાર્યાલય : 'રાજેશ નિવાસ' ૬, વાદીપરા, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧. ફોન: ઓ. ૦૨૭૫૨-૨૨૦૯૮૫ મો. ૯૮૨૪૩ ૨૨૫૮૫

## શ્રીમતી સૂરજબેન લક્ષ્મીદાસ મહેતા વિધવા પુન:વર્સન ભવન



(સૂચિત બિલ્ડીંગની તસ્વીર)

### વિધવા મહિલાઓ માટે વિવિધ સેવાયજ્ઞ

વૃધ્ધ વિધવા માતાને સવાર-સાંજ ટિફિન સેવા

યુવાન વિધવા મહિલાઓ માટે સિલાઇ કામ, જરદોશી કામ, મોતીકામ, કોમ્પ્યુટર ડિઝાઈનીંગ, ભરતકામ, ખાટલી ભરત, તોરણ વર્ક, ભીંડી વર્ક જેવી પુન:ર્વસન માટે તજજ્ઞો દ્વારા તાલીમ

વિધવા મહિલાઓને વિવિધ ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થાય તે માટે ટૂંકા ગાળાના તાલીમ વર્ગોનું આયોજન

ઉપરોક્ત સૂચિત વિધવા ભવન બિલ્ડીંગમાં વિધવા મહિલાઓના સર્વાંગી કલ્યાણ માટે ઉપરોક્ત પ્રવૃત્તિઓનું આયોજન કરાશે.

# સહૃદય સેવાભાવી સદ્‌ગૃહસ્થોને નમ્ર અપીલ...

*'વિધવા વિકટ વિટંબણા છે,*
*વિધવા વિમાસણ મોટી,*
*વિધવા જીવન વિકટ ઘણું છે,*
*વિધવા વેદના મોટી*
*વિધવા વસમી જીવન યાત્રા*
*આંસુ ભરેલું જીવન*
*તે આંસુને લૂંછી આપણે*
*ધન્ય બનાવીએ જીવન.'*

વૈધવ્ય મહિલા જીવનનું વિકટ સોપાન છે. આ સોપાને ઊભેલી મહિલા ચારેય તરફ નિરાશાઓથી ઘેરાયેલી છે. વિકસતા સમાજમાં પણ તિરસ્કૃત થતી આવી મહિલાઓને સ્નેહ સભર સાથ મળે અને પરિવારની હૂંફ મળે તે જરૂરી છે. જે મહિલાના જીવનનું સૌભાગ્ય છીનવાય છે. તે મહિલાનું જીવન શુષ્ક અને નીરસ બને છે. એટલે કોઇ કવિએ કહ્યું છે કે,

'દુનિયા મેં એસા કહા સબકા નસીબ હૈ
કોઇ કોઇ અપને પિયા સે કરીબ હૈ.'

પ્રભુએ જે મહિલાઓને પતિથી દૂર કરી છે અથવા તો જેમના પતિને ઇશ્વરે છીનવી લીધા છે તેવી તમામ મહિલાઓ સમાજની બહેન, દીકરી કે માતા છે. આ દીકરીને વ્હાલ આપવું, આ બહેનને પ્રેમ આપવો અને આ માતાને મમતા આપવી તે સમાજની ફરજ છે. આવી બહેન, દીકરી કે માતાના કલ્યાણ માટે પ્રવૃત્તિઓનો પ્રારંભ કરી નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટે આવી જરૂરિયાતમંદ બહેનો તથા તેમના વ્હાલા ભુલકાઓના જીવનમાં પ્રકાશ પાથરવાનો પ્રયાસ કર્યો છે.

નિર્ધાર વિધવા મહિલા કેન્દ્રની સ્થાપના ૧૯૯૯માં સંસ્થાના સંસ્થાપક શ્રી રાજેશભાઈ રાવલે કરી. પોતે પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં તેમના દિલમાં ભરપૂર કરુણા ભરી હોય. તેમની આંખો વખતો વખત આ બહેનોને મળતા છલકાય જતી, પરિણામે તેમને ટ્રસ્ટની સ્થાપના કરી વિધવા બહેનોના સર્વાંગી કલ્યાણ માટે ૫૧ બહેનોથી પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો.

## સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓની ટૂંકી નોંધ :

- વિધવા બહેનોને સરકારી સહાય મેળવવા માટેનું માર્ગદર્શન અને સહાય.
- વિધવા મહિલાઓને અપાતી અનાજ-કરિયાણાની સહાય.
- વિધવા મહિલાઓના પુનઃર્વસન માટે તાલીમનું આયોજન.
- વિધવા મહિલાઓના બાળકોના શિક્ષણ માટે કીટ વિતરણ.
- વિધવા મહિલાઓ માટે ધાર્મિક યાત્રાનું આયોજન.
- વિવિધ વર્કશોપ તથા શિબિરનું આયોજન.
- પ્રકાશના પર્વ દિવાળી પર વિધવા મહિલાઓને વિનામૂલ્યે મિઠાઈ/ફરસાણ વિતરણનું આયોજન.
- ઉત્તરાયણ પર્વ પર ઊંધિયું તથા લાડુનું વિતરણ.
- ધંધા-રોજગાર માટે સાધન સહાયનું વિતરણ.
- વિધવા મહિલાઓના તેજસ્વી બાળકોને શિક્ષણ માટે સહાય અને તેજસ્વી બાળકોને પુરસ્કાર.
- વિધવા મહિલાઓની પુત્રીઓને કરિયાવર અર્પણ.
- વિધવા વંદના કાર્યક્રમ.
- વિવિધ ક્ષેત્રના મહિલા અગ્રણીઓને એવોર્ડ વિતરણ.
- ધોમધખતા ઉનાળામાં વિધવા મહિલાઓને વિનામૂલ્યે છાસ કેન્દ્ર.
- વિધવા મહિલાઓની પુત્રી માટે પ્રસૂતિ સહાય યોજના.

**આ તમામ પ્રવૃત્તિઓને કાર્યાનવિત કરવા માટે સદાય આપની સહાય મળી છે અને મળતી રહેશે. પરિણામે વિકટ વેદનામાં કણસતી બહેનો–માતાઓના આંસુ આપ જેવા સદ્‌ગૃહસ્થની સહાયથી સંસ્થા લૂછી રહી છે. સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ અને સંસ્થાનું વિધવા બહેનો માટેનું બનનાર પુનઃર્વસન કેન્દ્ર માટેની વિવિધ યોજનાઓ આ પ્રમાણે છે.**

- શ્રીમતી સૂરજબેન લક્ષ્મીદાસ મહેતા વિધવા પુનઃર્વસન ભવન માટે ડૉ. કે.એલ. મહેતા પરિવાર તરફથી સંસ્થાને આ માટે રૂ. ૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ પૂરા)નું માતબર દાન મળેલ છે.
- વયસ્ક વિધવા માતા ટિફિન સેવા કેન્દ્ર સાથે નામ જોડવાની નિયત કરેલ રકમ રૂ. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ)
- વિધવા માતા રસોઇ ઘર સાથે નામ જોડવાની નિયત કરેલ રકમ રૂ. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ)
- વિધવા ભગિની પ્રાયોગિક તાલીમ કેન્દ્ર સાથે નામ જોડવાની નિયત કરેલ રકમ રૂ. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ)
- વિધવા મહિલા શૈક્ષણિક માહિતી કેન્દ્ર સાથે નામ જોડવાની નિયત કરેલ રકમ રૂ. ૧૧,૦૦,૦૦૦/- (અગિયાર લાખ)
- નિર્માણ થનાર ભુવનમાં સ્વજનની ૧૨ X ૧૮ ની તસ્વીર મુકવા માટે નિયત કરેલ રકમ રૂ. ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર)
- નવનિર્મિત ભવનમાં સમૂહ તક્તિમાં નામ અંકિત કરવાનો નકરો રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર)
- વૃધ્ધ વિધવા-૫૧ માતાને ટિફિન સેવા તિથિ ભોજન દાળ, ભાત, શાક, રોટલી, સંભારો, છાસ, પાપડ માટે રૂ. ૮૦૦૦/- (આઠ હજાર)
- વૃધ્ધ વિધવા-૫૧ માતાને ટિફિન સેવા ભોજન દાળ, ભાત, શાક, કઠોળ, સંભારો, એક ફરસાણ, એક મીઠાઈ, પુરી સ્વીટ સાથે રૂ. ૧૧૦૦૦/- (અગિયાર હજાર) આ બંને યોજનામાં દાતાના સ્વજનની તિથિએ ૫૧ વૃધ્ધ વિધવા માતાને આજીવન ભોજન અપાશે. ભોજનાલયમાં સમૂહ તકતીમાં તિથિ દાતાનું નામ અંકિત કરાશે.
- લિફ્ટ સૌજન્ય રૂ. ૨,૫૧,૦૦૦/- (બે લાખ એકાવન હજાર) દાતાનું નામ તકતીમાં અંકિત કરાશે.
- એક વિધવા મહિલાને દત્તક લેવા માટેનું વાર્ષિક ખર્ચ રૂ. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર) અથવા કાયમી ધોરણે સહાયભૂત થવા માટેની નિયત કરેલ રકમ રૂ. ૧,૫૧,૦૦૦/- (એક લાખ એકાવન હજાર)
- વિધવા બહેનોના બાળકોને શૈક્ષણિક કિટ વિતરણ કરવા માટેનું નિયત રકમ રૂ. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર)
- મકરસંક્રાતિમાં લાડુ અને ઊંધિયા વિતરણ માટે સહાયભૂત થવા નિયત કરેલ રકમ રૂ. ૧૧,૦૦૦/- (અગિયાર હજાર)
- વિધવા બહેનો માટે અન્ન સહાય વિતરણ અર્થે સહાયભૂત થવા માટેની રકમ રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર)
- વિધવા બહેનોના એક બાળક માટે યુનિફોર્મ ખર્ચ રૂ. ૧૫૦૦/- ( એક હજાર પાંચસો)
- વિધવા બહેનોના તેજસ્વી બાળકોના સન્માન માટેની સહાય રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર)
- દિવાળીના તહેવારમાં ૫૫૧ વિધવા બહેનોને મીઠાઇ તથા ફરસાણ વિતરણ માટે સહાયભૂત થવા માટે રૂ. ૨૧,૦૦૦/- (એકવીસ હજાર)

આ ઉપરાંત ચીજવસ્તુ, સાધનો તથા અનાજ-કરિયાણું અને વસ્ત્ર દાનની સહાય પણ થઇ શકે છે. સહાય કરનાર સૌને પરમ કૃપાળુ પરમાત્મા તંદુરસ્તીપ્રદ દિર્ધાયુ બક્ષે એજ પ્રાર્થના.

## :: ખાસ નોંધ ::

ઉપરોક્ત સૂચિત શ્રીમતી સૂરજબેન લક્ષ્મીદાસ મહેતા વિધવા પુનઃર્વસન ભવન ૩ માળનું સુરેન્દ્રનગરમાં વાદીપરા, લક્ષ્મણ કડવાના કારખાના પાછળ, બાલા હનુમાન રોડ ખાતે નિર્માણ થશે. આ ભવન વિધવા મહિલાઓને આવનારા દિવસોમાં ઉપકારક બની રહેશે. બાંધકામ અંગે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા પ્લાન-નકશા મંજૂર કરવામાં આવેલ છે. જે આપને સુવિદિત થાય.

**આપનું અનુદાન નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ નામે ચેક/ડ્રાફ્ટ લખવા અનુરોધ છે.**

**Bank : DENA BANK, Surendranagar Branch A/c. 003310033879 IFSC Code : BKDN0320033**

**: વિશેષ વિગત માટે સંપર્ક કરો :**

**શ્રી રાજેશ રાવલ : મો. ૯૮૨૪૩ ૨૨૫૮૫, ફોન: ૦૨૭૫૨ ૨૨૦૯૮૫**

આ સંસ્થાને ઇન્કમટેક્ષ વિભાગ ભારત સરકાર દ્વારા ૮૦-G પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે, જે સુવિદિત થાય.





## સંસ્થાના ૨૦૨૦-૨૧ ના સલાહકારો

- ડૉ. કે.એલ. મહેતા (ચેરમેનશ્રી, કોરોના રેમેડીઝ પ્રા.લી., અમદાવાદ)
- શ્રી નવીનભાઈ મણિયાર (જાણીતા સમાજ સેવક, મુંબઇ)
- શ્રી દિનેશભાઈ વાડીલાલ શાહ (જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સુરેન્દ્રનગર)
- શ્રી શિરીષભાઈ ઓઝા (પૂર્વ ચીફ ઇજનેર, જાણીતા સમાજ સેવક, જો.નગર)
- ડૉ. પી.સી. શાહ (જાણીતા કુશળ ફીઝીશ્યન અને પરમાર્થી, સુ.નગર)
- શ્રી ભવાનીસિંહ મોરી (ચેરમેનશ્રી, સેવા કુટિર, વઢવાણ)
- શ્રી પંકજભાઈ ડગલી (જાણીતા પ્રજ્ઞાચક્ષુ સમાજ સેવક, સુ.નગર)
- શ્રી ફીરોજઅલી પી. હિરાણી (જાણીતા સામાજિક કાર્યકર, સુ.નગર)
- શ્રી રજનીકાંત ખાટડિયા (જાણીતા સમાજ સેવક, સુ.નગર)
- શ્રી ઉમેશભાઈ વિજયભાઈ શાહ (જાણીતા યુવા કાર્યકર, મુંબઇ)
- શ્રી કે.સી. લુઠીયા (મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, માનવ જ્યોત, મુંબઇ)


## 'નિર્ધાર' વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ-સુરેન્દ્રનગર : કાર્યવાહક ટ્રસ્ટી મંડળ

રાજેશભાઈ પ્રેમશંકર રાવલ સ્થાપક ટ્રસ્ટી મો. ૯૮૨૪૩ ૨૨૫૮૫

| | | | |
|---|---|---|---|
| નીતાબેન નિરંજનભાઈ અગ્રાવત | ઉપપ્રમુખ | નલીનીબેન અનિલભાઈ પટ્ટણી | ટ્રસ્ટી |
| જૈમિનીબા કિરીટસિંહ ઝાલા | માનદ્ મંત્રી | આનંદ રાજેશભાઈ રાવલ-૯૪૦૮૮ ૮૮૬૧૨ | ટ્રસ્ટી |
| ગીતાબેન પ્રવીણભાઈ મોરી | સહમંત્રી | પારૂલબેન રાજેશભાઈ રાવલ | ટ્રસ્ટી |